**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૧ ટકા

# ટુ-વ્હીલર અને ફોર વ્હીલરના વેચાણમાં ૬૦ ટકાનો ઘટાડો

## આંશિક લોકડાઉનની અસર વાહનોના વેચાણ પર પડી : ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના વેચાણમાં મોટો ઘટાડો નોંધાયો

ગાંધીનગર, તા.૩

કોરોનાની અસર તમામ વેપાર-ધંધા પર થઈ છે તેમ ઓટો મોબાઈલ ક્ષેત્ર પર પણ તેની સીધી અસર જોવા મળી રહી છે. આંશિક લોકડાઉનની અસર હેઠળ વાહનોના વેચાણમાં ઘટાડો નોંધાયો છે. ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના વેચાણમાં ૬૦ ટકા જેટલો ધરખમ ઘટાડો નોંધાયો છે.

ઓટોમોબાઈલ ક્ષેત્રમાં હંમેશા વૃધ્ધિ જ નોંધાય છે. વાહનોની લોન હવે આસાનીથી મળતી હોવાથી ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના વેચાણમાં છેલ્લા કેટલાક વર્ષોથી સતત વૃધ્ધિ જ નોંધાઈ છે. કયારેક ઘટાડો નોંધાયો હોય તો તે પણ નજીવો જ હોય. પરંતુ છેલ્લા બે મહિનામાં આવેલો ઘટાડો ખૂબ જ વધુ છે. માર્ચ અને એપ્રિલ માસમાં કોરોનાના કેસ ખૂબ વધ્યા હતા. જેના પગલે રાજય સરકારે આંશિક લોકડાઉન અને કરફયુ જેવા પગલાં લીધા હતા. મોટાભાગના શહેરી વિસ્તારોમાં કડક પ્રતિબંધો છે. આ કડક પ્રતિબંધોની અસર તમામ વેપાર-ધંધા પર જોવા મળી રહી છે. વાહનોના વેચાણમાં ૬૦ ટકા જેટલો ઘટાડો છેલ્લા બે






માસ દરમિયાન નોંધાતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના ડીલરોમાં ચિંતા છવાઈ છે.

એક અંદાજ મુજબ ગાંધીનગર શહેરમાં દર મહિને ૧૮૦૦થી ૨૦૦૦જેટલા ફોર વ્હીલરનું વેચાણ થાય છે. સામાન્ય દિવસોમાં આ સ્થિતિ હોય છે જયારે દિવાળી અને દશેરા જેવા તહેવારોએ વાહનોના વેચાણમાં જબરજસ્ત ઉછાળો આવે છે. પરંતુ આંશિક લોકડાઉન અને કોરોનાની સ્થિતિ વચ્ચે વાહનોનું વેચાણ ખૂબ ઘટયું છે. હાલમાં માત્ર ૬૦૦ થી ૭૦૦ વાહનોનું વેચાણ થઈ રહ્યું છે.

વાહનોના વેચાણના ઘટાડા પાછળ કોરોના ઉપરાંત પેટ્રોલ-ડીઝલના વધી રહેલા ભાવો પણ કારણભૂત છે. ડીઝલ અને પેટ્રોલના ભાવો ૯૦ રૂપિયા કરતા વધુ છે. વારે ઘડીએ ઈંધણના ભાવોમાં વધારો થતાં નવા વાહનોની ખરીદી પર તેની અસર જોવા મળી રહી છે. વાહનોનું વેચાણ વધારવા ડીલરો ડીસ્કાઉન્ટ ઉપરાંત અન્ય સ્કીમોનો લાભ પણ ગ્રાહકોને આપી રહ્યા છે.

# શહેરના માર્ગ નં.૩ પર ચતુરાઈપૂર્વક વિકસી રહેલું ધાર્મિક દબાણ...!!



આપણા દેશમાં ધાર્મિક દબાણોની સમસ્યા ખૂબ મોટી છે, કેટલીક જગ્યાએ તો આવા ધાર્મિક દબાણો ધીમે ધીમે વિકસાવ્યા પછી તેને સંલગ્ન મનઘડંત વાર્તાઓ વણી કાઢીને તેને લોકવાયકાના આંચળે વહેતી કરી દેવામાં આવે છે જેથી જે તે સ્થળનું પૌરાણિક મહત્વ ઉભું કરી તેની સાથે ભોળા શ્રધ્ધાળુઓની લાગણીને જોડી દેવાય. આવું કરવા પાછળ દબાણકર્તાનો આશય દબાણને હટાવવા માટે તંત્રને નબળું પાડવાનો અને મોકાની જગ્યા પચાવી લઈને ધાર્મિક આસ્થા સાથે પોતાના અન્ય આનુષંગિક વેપારને પણ વિકસાવવાનો હોય છે. ઘણીવાર કેટલેક સ્થળે નિશ્ચિત જુથ પોતાની 'બેઠક' જાળવી રાખવા આ પ્રકારે ધાર્મિક દબાણ ઉભું કરવાનો આશરો લેતું હોય છે. આવા દબાણ સમસ્યા વકરાવે તે પહેલાં ઉગતા જ ડામવા યોગ્ય રહે. ગાંધીનગરના માર્ગ નં. ૩ પર સેકટર-૫ ડી ની ફુટપાથ પાસે રાજપૂત કારડિયા સમાજ સ્કૂલની પાસે એક વૃક્ષ નીચે આસપાસના સેકટરના રહીશો દિવાળીની સાફસુફીમાં ઘરમાંથી નીકળેલા દેવી-દેવતાઓના જૂના ફોટા-તસવીરો નિકાલ કરવા મુકી જતા હતા જેને કોઈ અજાણ્યા શખ્સો દ્વારા હવે દેરી જેવું બનાવી 'પાક્કા-ઓટલા'નું ચણતર કરી દેવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત પાયા ખોદી પુરાણ કરી દેવાયું છે, શકય છે કે અહીં ભવિષ્યમાં પહેલા નાનું અને ધીમે ધીમે મોટું મંદિર ચણી આ સહિત આસપાસની જગ્યા પણ દબાવી લેવામાં આવે. સરકારી જગ્યામાં ચતુરતાપૂર્વક વિકસાવી રહેલા આ ધાર્મિક દબાણને તંત્રએ ભવિષ્યની સમસ્યા બનતાં પહેલા જ ડામી દેવું હિતાવહ રહેશે.

# બલરામ મંદિરે રાષ્ટ્રીય પક્ષી મોરનું વીજકરંટથી મોત

## બીજી તરફ વાહનની ટક્કરથી ઈજાગ્રસ્ત ઢેલને બચાવી લેવાઈ





ગાંધીનગર, તા.૩

આજે સવારે ગાંધીનગરમાં સેક્ટર-૧૨ ખાતે બલરામ મંદિરે રાષ્ટ્રીય પક્ષી મોર ઈજાગ્રસ્ત થયો હોવાનો કોલ વનશ્રી ટ્રસ્ટને મળતાં જ સ્વયંસેવકો સ્થળ પર ધસી ગયાં હતાં, જોકે મોરને વીજળીનો કરંટ લાગ્યો હોવાથી તેને બચાવી શકાયો નહોતો. આ ઉપરાંત સાંજના સમયે વંશીતા ટ્રસ્ટને વધુ એક કૉલ મળ્યો હતો જેમાં એક ઢેલને વાહનની ટક્કર વાગવાને કારણે ઈજાગ્રસ્ત થઈ હોવાનું જણાવાયું હતુ. આ કોલ પર પણ વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવકો અને વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી જેમણે ઢેલ ને પ્રાથમિક સારવાર આપી દેખરેખ હેઠળ રાખવા માટે વન ચેતના કેન્દ્ર ખાતે મોકલી આપવામાં આવી હતી જયાં ઢેલને બચાવી લેવામાં સફળતા મળી હતી. આ બચાવ કાર્યમાં ડીએફઓ ડામોર ઉપરાંત બી.એમ.દેસાઈ અને કેતન બારોટ જેવા વનઅધિકારીઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો અને વનશ્રી ટ્રસ્ટના વાઈલ્ડ લાઈફ વોર્ડન અંજના નિમાવત દ્વારા તેમના માર્ગદર્શન સાથે કામગીરી સંપન્ન કરવામાં આવી હતી.

# બીએસએફ ગુજરાત ફ્રન્ટિયર રોજગારી ગુમાવનાર પીડિતોની વ્હારે

ગાંધીનગર, તા.૩

વૈશ્વિક મહામારી કોરોના ફેલાવાને કારણે રોજબરોજના વેપાર ધંધા પર અત્યંત ઘેરી અસર થવા પામી છે અને રોજગારીની તકો પણ ઘટી જવા પામી છે. આ સ્થિતિમાં સરકારી તંત્ર તો તેનો જનતાને મદદરૂપ થવા પ્રયાસ કરી રહ્યું જ છે પરંતુ હાલ અનેક પરિવારો વેપાર-ધંધા બંધ થઈ જવાને કારણે પરેશાનીમાં મૂકાયા છે. આવા પરિવારોની સહારે ગાંધીનગર સ્થિત સીમા સુરક્ષા દળની બટાલિયન-૧૪૨ કોરોનાને કારણે રોજગારી ગુમાવનાર પીડિતોની વ્હારે આવી છે અને તેમને એક મહિનો ચાલે તેટલું અનાજ-કરિયાણું તેમજ હેલ્થ કીટ સહિત જરૂરી ચીજવસ્તુઓ પુરી પાડવામાં આવી રહી છે.

બીએસએફની બટાલિયન ૧૪૨ના કમાન્ડેન્ટ રાજપાલ



સિંહના નેતૃત્વ હેઠળ 'જીવનપર્યંત કર્તવ્ય' અને 'દેશ તથા માનવજાતની સેવા'ના ઉદ્દેશ સાથે કોરોના મહામારીના કારણે નિરાધાર બનેલા આઠ પરિવારોને એક મહિનો ચાલે તેટલું અનાજ કરિયાણું તેમજ મેડિકલ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીએસેફના બાડમેર મુખ્યાલયના ઉપ મહાનિર્દેશક વિનિત કુમાર, રાજસ્થાનના મુખ્ય વન સંરક્ષક એસ. આર. વી. મૂર્તિ, તેમજ ઉપ કમાન્ડર મદનલાલ ઉપસ્થિત રહ્યાં હતા. પીડિતોને આપવામાં આવેલી કીટમાં લોટ, દાળ, ચોખા, ખાંડ, મસાલા તેમજ હેલ્થ કીટમાં મહિલાઓ માટે સેનેટરી નેપકિન તેમજ ફેસ માસ્ક સહિતની ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સાથે દરેક પરિવારોને વૃક્ષોના છોડ આપી તેને વાવીને ઉછેરવા માટે પ્રેરિત કરવામાં આવ્યાં હતા જેમાં લીમડો, ગળો, કુંવરપાઠું, તલસી વગેરે જેવા આયુર્વેદિક મહત્વ ધરાવતી વનસ્પતિ તેમજ ફળદાર વૃક્ષોનો સમાવેશ કરાયો હતો.

# ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા કોરાનાકાળમાં અનાથ બનેલાં બાળકોના ડેટા કલેકશનની કામગીરીનો આરંભ

ગાંધીનગર, તા.૩

કોરોનાકાળ દરમ્યાન માર્ચ-૨૦૨૦પછી માતા-પિતા અવસાન પામ્યા હોય તેવા બાળકો માટે રાજય સરકારે મુખ્ય મંત્રી બાલસેવા યોજનાનો આરંભ કર્યો છે. આ યોજનાનો લાભ ગાંધીનગર જિલ્લામાં કોરોનાકાળમાં અનાથ બનેલાં બાળકોને આપવા માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ડેટા કલેકશનની કામગીરી શરૂ કરવામાં આવી છે.

કોરોના મહામારીની બીજી લહેરમાં રાજયમાં અનેક લોકોના મોત થયા છે. કેટલાંક પરિવારોમાં માતા- પિતા મૃત્યૃ પામતાં બાળકો નિરાધાર બન્યા છે. આવા નિરાધાર બાળકોનો સહારો બનવા માટે રાજય સરકાર દ્વારા મુખ્ય મંત્રી બાલસેવા યોજના અમલી બનાવવામાં આવી છે.

આ બાલ સેવા યોજના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકને યોજના અંતર્ગત માસિક રૂપિયા ૪ હજારની સહાય આપવામાં આવશે. તેમજ ૧૮ વર્ષ પૂર્ણ થયેથી ૨૧ વર્ષ સુધીના અનાથ પુખ્ત બાળકોને અભ્યાસ અર્થે આફટર કેર યોજના અંતર્ગત માસિક રૂપિયા ૬ હજારની સહાય આપવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં નિરાધાર બનેલા બાળકોની જાણ થયેથી જિલ્લા બાળ સુરક્ષા એકમની કચેરી, એ- બ્લોક, ભોયતળિયે, સહયોગ સંકુલ, પ્રથિકાશ્રમની બાજુમાં, સેકટર-૧૧ ગાંધીનગરનો સંપર્ક કરવા માટે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ જણાવ્યું છે.





લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને લાયન્સ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ ૩૨૩૨ બી-૧ના સંયુકત ઉપક્રમે ચાઈલ્ડ હુડ સેન્ટર અંતર્ગત એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલના બાળકોને ડાયરેકટર વિઝન લાયન કે.પી. પ્રજાપતિના જન્મદિવસ નિમિત્તે દવાઓ તેમજ જરૂરી ચીજવસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન રૂપાબેન શાહ (ડાયરેકટ કેન્સર) ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ કલબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આમ આદમી પાર્ટી ગાંધીનગરથી મનપાના ઉમેદવાર જય નવુજી વાઘેલા દ્વારા આજરોજ સેક્ટર ૩૦ મુક્તિધામ ખાતે વૈશ્વિક કોરોના મહામારી એપ્રિલ માસ દરમિયાન જે ૨૪ કલાક ખડેપગે રહીને ત્યાંના કર્મચારીઓએ જે સેવા ભૂમિકા ભજવી હતી તેને ધ્યાનમાં લઈને આમ આદમી પાર્ટી ગાંધીનગર તરફથી (વિશિષ્ટ સેવા સન્માન પત્ર ) આપીને તેમની કામગીરીને બિરદાવી હતી. સાથે આવી કપરી પરિસ્થિતિમાં તેવો કેવી સ્થિતિ અને સંજોગો સાથે લડ્યા હતા તેના વિષય પર ચર્ચા વિચારણા કરી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. શાહ પિયુષભાઈ રમણલાલ, ઉ.વ. ૭૭, વરસોડા
- સ્વ. સુથાર કમળાબેન જગજીવનદાસ, ઉ.વ. ૭૮, બાલવા
- સ્વ. દેસાઈ સાંકાભાઈ ભગવાનભાઈ, ઉ.વ. ૬૪, સેકટર-૧૪
- સ્વ. જોબનરાય પરમેશ્વરરાય, ઉ.વ. ૬૧, મોટા ચિલોડા
- સ્વ. જોષી પ્રવિણાબેન હરિપ્રસાદ, ઉ.વ. ૭૨, સેકટર-૩૦
- સ્વ. રાવલ ત્રિકમભાઈ અંબારામભાઈ, ઉ.વ. ૬૨, કાંઠા, કલોલ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. જાદવ જસવંત જગજીવન, ઉ.વ. ૬૫, સેકટર-૧

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા બલ્બ અને દાતરડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાના ગડાદર અને ખીલોડા ગામના ૨૨ લાભાર્થીને એલઈડી બલ્બ તથા દાતરડાનુ વિતરણ કર્યુ હતુ. બલ્બ દિપક શાહ તરફથી પ્રાપ્ત થયા હતા. મિલિન્દભાઈ તથા અન્ય કાર્યકર્તા સાથે હતા.

# સેકટર-૩ બી માં રાત્રે લાઈટ ડુલ થતા નાગરીકો ત્રાહીમામ

ગાંધીનગર શહેરના સેકટર-૩ બી ખાતે ગતરોજ રાત્રીના સમયે લાઈટ ડુલ થતા નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા હતા. ટોરેન્ટ પાવરની લાઈનમાં કોઈ ક્ષતિ સર્જાતા લાઈટ ડુલ થઈ હતી. જયારે અઢી કલાક બાદ લાઈટ આવતા રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. જયારે લાઈટ ન હોવાથી દર્દીઓ તેમજ વયોવૃધ્ધ વ્યકિતઓની હાલત કફોડી બની જવા પામી હતી.

શહેરમાં વાવાઝોડામાં પણ લાઈટ ગઈ ન હતી. ત્યારે ગતરોજ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં સેકટર-૩ બી ખાતે કેટલાક રહેણાંક વિસ્તારમાં લાઈટો ડુલ થઈ ગઈ હતી. દિવસ દરમિયાનની આકરી ગરમી અને બફારાથી ત્રસ્ત નાગરીકો શાંતિની નિંદર માણી રહ્યા હતા. તે સમયે અચાનક લાઈટ જતા રહેતા વસાહતીઓ ઘરની બહાર દોડી આવ્યા હતા. નાના બાળકો, વયોવૃધ્ધ નાગરીકો તેમજ બિમાર વ્યકિતઓની સ્થિતિ દયાજનક બની હતી. એસી, કુલર અને પંખા બંધ થઈ જતા સૌ નાગરીકો ઘરની બહાર બેઠેલા નજરે પડ્યા હતા. જયારે કોરોનાની કપરી સ્થિતિમાંથી બહાર આવ્યા હોય તેવા દર્દીઓને ગરમી સહન થતી નથી.ત્યારે અચાનક લાઈટ જતી રહેલા દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જયારે ટોરેન્ટ પાવરના કર્મચારીઓ દ્વારા ક્ષતિ દુર કરતા લગભગ અઢી કલાક જેટલો સમય થયો હતો. ત્યારબાદ વિજપુરવઠો યથાવત થતા નાગરીકોએ હાશકારો અનુભવ્યો હતો.

# હોસ્પિટલના ડોકટર્સ દ્વારા વર્લ્ડ સાયકલ ડે ની ઉજવણી કરાઈ



વર્લ્ડ સાયકલ ડે ની ઉજવણી ગાંધીનગર હોસ્પિટલના ડોકટર્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિબેન લાખાણી, આરએમઓ ડો.સુધાબેન, ડો.કલ્પેશ પરીખ, ડો.અંકુર, ડો.નિશા ઉપાધ્યાય, એએચએ,એકતા આંબલીયારા એ સિવિલ કેમ્પસથી મહાત્મા મંદિર સુધી સાયકલ ચલાવી સાયકલ ડે ની ઉજવણી કરી હતી.

## જન્મદિને વધામણી



પ્રજાપતિ વાની સાવનકુમાર
મો. ૯૬૦૧૧ ૩૧૬૭૭



પ્રજાપતિ અશોકભાઈ પ્રહલાદભાઈ
મો. ૯૮૨૪૩ ૧૭૩૨૭



સંદિપ પ્રવિણચંદ્ર જોષી
ગુજરાત સમાચાર
મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨



મહેશભાઈ ભોજક
મો. ૯૮૭૯૫ ૬૨૯૦૫



હીરરાજ દેવેન્દ્રકુમાર પરમાર



મોહંમદઝહીર સલીમભાઈ તૈલી
મો. ૭૮૭૮૧ ૪૨૩૪૬